


"જોયું ને..! ભારે પડ્યું ને..?!'.

"શું ભારે પડ્યું..? અમને કશું ભારે પડે એવું હોતું જ નથી..!"

"સાહેબ... સાચી વાત સ્વીકારો તો સારૂ... આપણા આર.બી.આઈ.ના પૂર્વ ગવર્નર રાજને પણ કહ્યુંને કે નોટબંધીથી વિકાસ દર ઘટ્યો અને અઢી લાખ કરોડનું નુકશાન થયું..!"

"તમેય એકની એક કેસેટ વગાડ્યા જ કરો છો... વગાડ્યા જ કરો છો..! કેટલી વખત આની આજ ચર્ચા..!?"

"આ તો સાહેબ રઘુરામ બોલ્યા એટલે ચર્ચા ઉઠી... અમારા જેવા નાના માણસની વાત કોઈ સ્વીકારે નહિ પણ એનીએજ વાત રઘુરામ કહે એટલે ચર્ચા જાગે..!"

"એટલે જ ટોક ઓફ ધ ટાઉન બન્યું છે..!"

"હં...અ... તમારાવાળા પાસે બીજો વિષય જ નથીને..?! પેલા રાહુલજીએ પણ એની એજ કથા રીવરફ્રન્ટ પર કરી..! તમને પણ નવું સુઝતુ નથી..!!"

"સાહેબ 'ગરજે ગુજરાત'માંથી 'અડીખમ ગુજરાત' કરીએ એટલે નવું સુઝ્યુ કહેવાય..?! મોદી સાહેબના બદલે અમિત શાહ સાહેબ વાત કરશે એટલે નવું સુઝ્યું કહેવાય..! બધે વાતો તો એની એ જ છે..! કોઈ રૂપાળા શબ્દોમાં મુકે અને કોઈ સીધે સીધી કે..!!"

"ના...ના... આ બચાવ તમારો પાંગળો છે... અમારાવાળા નવી દ્દષ્ટિથી નવી વાત કરે છે અને પ્રજા સ્વીકારે છે... એવું સ્વીકારવામાં તમને ખચકાટ શું છે..?! અને અમે કરેલો વિકાસ આંખે ઉડીને વળગે એવો છે..."

"... તો...તો...તો... અમે કશું કર્યું જ નથી એવું તમારૂ કહેવું છે..?! ૬૦ વર્ષ અમે ખાલી ભજન કર્યા ભજન..!!"

"તે બતાવો ને..! તમે બતાવો... બતાવતા આવડતુ નથી અને પછી રઘવાયા રઘવાયા થાઓ છો..!!"

"તો સાહેબ સાંભળો... ૬૦ વર્ષમાં અમે બંધો બાંધ્યા... રસ્તાઓ બનાવ્યા... દેશભરમાં સ્કૂલો અને દવાખાનાઓ બનાવ્યા... સંદેશાવ્યવહારની આધુનિક વ્યવસ્થા ગોઠવી... ચંદ્રયાન-મંગળયાન-ઈસરો અરે શસ્ત્રો-સરંજામો.... સાહેબ ગણાવા બેસીશ ને તો તમનેય ચક્કર આવશે...હો..!"

"એમાં ચક્કર શું આવશે..? તમે ધીમી ગતિએ કરતા'તા અને આજે ફાસ્ટ ગતીએ ચાલે છે..!"

"ના... ના... એવું નથી અમે કામ વધારે કરતા'તા અને પ્રચાર ઓછો કરતા'તા... અને તમારે ત્યાં કામ ઓછુ થાય છે અને પ્રચાર વધારે થાય છે... 'ઘાટ કરતા ઘડામણ વધુ છે તમારે ત્યાં..!! સો કરોડના પ્રોજેક્ટમાં સવાસો કરોડની તો પબ્લીસીટી હોય છે..!!"

"ભોગ તમારા..! તમને ના આવડે એમાં અમે શું કરીએ..?!"

"સાહેબ અમે તો રાજનીતિને સેવાનું ક્ષેત્ર ગણતા'તા... આજે ધંધાનું ક્ષેત્ર થઈ ગયું છે... પાંચ કરોડનું રોકાણ કરો-પચાસ કરોડ ઘર ભેગા કરો..!! આ તાસીર છે આજની..!"

"કાશી હોય કે કાશ્મીર હોય... કાગડા તો બધે કાળા જ છે..!

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં કોંગ્રેસને જીતતા કોઈ અટકાવી નહી શકે : રાહુલ





## અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે સંવાદ કાર્યક્રમમાં પક્ષના કાર્યકરોના પ્રશ્નોના રાહુલે જવાબ આપ્યા : ભાજપ પર આકરા પ્રહારો

## કોંગ્રેસ કોઈ પક્ષ પલ્ટુને ટિકિટ નહિ આપે : કોંગ્રેસ ખેડૂતો અને દલિતો-યુવા માટે પ્રોત્સાહક નીતિ લાવશે

અમદાવાદ,તા. ૪

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી કોંગ્રેસના કાર્યકરો અને પ્રોફેશનલ્સ સાથે સંવાદ યોજી પોતાના ચૂંટણીપ્રચારના શ્રીગણેશ કર્યા હતા. રાહુલ ગાંધીએ નોટબંધી, જીએસટી, બેરોજગારી, ખેડૂતોની આત્મહત્યા, નાના અને મધ્યમ ઉદ્યોગોને તાળા સહિતના મુદ્દાઓને લઈ કેન્દ્રની મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ હજારો કાર્યકરો અને પ્રોફેશનલ્સને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરની જનતાને એ વાતની હવે ખબર પડી ગઈ છે આ મોદી સરકાર દેશના માત્ર પાંચ-દસ ઉદ્યોગપતિઓના ફાયદા માટે નિર્ણયો લેતી સરકાર છે. નોટબંધી અને જીએસટી જેવા નિર્ણયો લઈ મોદી સરકારે ગરીબ અને મધ્યમ વર્ગ તેમ જ ખેડૂતો, નાના વેપારીઓ સહિતના દેશના લાખો લોકો પર કુઠારાઘાત કર્યો છે. આ નિર્ણયોથી દેશને કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવુ પડયું છે. પરંતુ ગુજરાત સહિત દેશની જનતા સામે મોદી સરકાર અને ભાજપનો ચહેરો ખુલ્લો પડી ગયો છે. વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને જડમૂળથી ઉખેડી ફેંકવા તેમણે હજારો કાર્યકર્તાઓને હાકલ કરતાં જણાવ્યું કે, આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકારને આવતાં કોઈ રોકી નહી શકે. આ પહેલાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે બપોરે ૧૨-૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી ગયા હતા, જ્યાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ, અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષણ વિભાગના બીજા મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટનો જિલ્લાથી આરંભ થઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા બીજીવાર તેના મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટના અમલીકરણ માટે ગાંધીનગરની પસંદગી કરવામાં આવી છે.

અગાઉ કોંગ્રેસ સરકાર વખતે તત્કાલીન મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ ડભોડા પ્રા. શાળા ખાતે પ્રાથમિક શાળાના બાળકો માટે મધ્યાહન ભોજન યોજના પ્રોજેક્ટના અમલનો પ્રારંભ કરાવ્યો હતો.

આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રા. શાળામાં બીજા મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ જ્ઞાનકુંજનું લોકાર્પણ કરવાના છે. આ પ્રોજેક્ટનું

**માધવસિંહ સોલંકીએ મધ્યાહન ભોજન યોજના શરૂ કરાવી હતી તો હવે રૂપાણી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ**

એક સાથે જિલ્લામાં મુખ્યમંત્રી સહિત બન્ને શિક્ષણમંત્રીઓ પણ બોરીજ અને ઈસનપુર મોટા ખાતે હાજર રહી લોકાર્પણ કરનાર છે.

જિલ્લાની પસંદગી અને જિલ્લાની પૂર્વપટ્ટીના ગામોની પસંદગી એ એક યોગાનુયોગ સંયોગ છે પણ જિલ્લાના શૈક્ષણિક જગત માટે આ મહત્વની ઐતહાસિક પળ છે.

સરકારી શાળાઓના બાળકો ખાનગી શાળાના બાળકો સાથે સ્પર્ધામાં ક્યાંય પણ ઉણા ના ઉતરે તે માટે આ મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ અમલી બનાવામાં આવી રહ્યો છે.

આ બન્ને પ્રોજેક્ટમાં બાળકને જ કેન્દ્ર સ્થાને રાખવામાં આવેલ છે.

# ગુડાની આવાસ યોજનામાં હવે સીસીટીવી કેમેરાની વોચ રહેશે

## રાયસણ , ચિલોડા , અડાલજ તેમજ કુડાસણ સહીતની આવાસ યોજનાને અનુલક્ષી ૫૦ લાખના ખર્ચે ૨૦૦ કેમેરા લગાવાશે

ગાંધીનગર તા ૪

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્માણ કરાયેલી એલ આઈ જી અને એમ આઈ જી આવાસ યોજનાને અનુલક્ષી વિવિધ યોજનાના સ્થળે સી સી ટી વી કેમેરા લગાવાશે. સ્વચ્છતા અને સલામતીને ધ્યાને લઈ સી સી ટી વી કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે.ગુડા દ્વારા કેમેરા લગાવવા પાછળ રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગુડા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ રાયસણ , ચિલોડા , અડાલજ અને કુડાસણ સહીતના વિસ્તારમાં વિવિધ પ્રકારની આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે રાયસણ અને ચિલોડા સહીતની આવાસ યોજનામાં અગાઉ મકાનોનો કબજો સોંપી દેવાયો હોવાથી હાલ લાભાર્થીઓનો વસવાટ પણ જોવા મળી રહયો છે. જયારે ગુડાની આ આવાસ યોજનાની જાળવણી પણ ગુડા દ્વારા જ કરવામાં આવી રહી છે. જયારે હાલ આવાસ યોજનાને અનુલક્ષી સિકયુરીટી ગાર્ડ પણ સ્થળ પર ફરજ બજાવે છે. જયારે આવાસ યોજનામાં હજુ સ્વચ્છતાના મામલે નિરસતા

● અનુસંધાન પાન-૭ પર

# આજે શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાશે : જ્ઞાનકુંજ પ્રોજેકટનુ પણ લોકાર્પણ

## રાજયના ૪૧ શ્રેષ્ઠ શિક્ષકોને રાજયપાલના હસ્તે એવોર્ડ

ગાંધીનગર તા ૪

શિક્ષક દિન નિમિત્તે આજે શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. જેમાં રાજયના ૪૧ શિક્ષકોને રાજયપાલના હસ્તે એવોર્ડ એનાયત કરાશે. જયારે ગાંધીનગરમાં પણ જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાશે.

શિક્ષક દિનની નિમિત્તે ૫ સપ્ટેમ્બરના રોજ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. રાજયના ૪૧ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માન કરવામાં આવશે. ટાઉનહોલમાં સવારે ૧૦ કલાકે યોજાનારા કાર્યક્રમમાં શિક્ષકોને એવોર્ડ એનાયત કરાશે . શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે રાજયના ૪૧ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. ત્યારે આ શિક્ષકોને એવોર્ડ એનાયત કરવા માટે આજે ટાઉનહોલમાં વિશેષ કાર્યક્રમ યોજાશે રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે શિક્ષકોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયમંત્રી નાનુભાઈ વાનાણી તેમજ ઉચ્ચ અને ટેકનિકલ રાજય શિક્ષણ રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમાર ઉપરાંત શિક્ષણ વિભાગના સંસદીય સચિવ વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બોરીજ સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૧૧ : ૩૦ કલાકે જિલ્લા તાલુકા કક્ષાએ પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં જિલ્લા કક્ષાએ ત્રણ અને તાલુકા કક્ષાએ ત્રણ શિક્ષકોને એવાર્ડ એનાયત કરાશે.

જયારે ડિઝીટલ શિક્ષણ અન્વયે જ્ઞાનકુંજ પ્રોજેકટનો પણ આજે શિક્ષક દિન નિમિત્તે શુભારંભ કરવામાં આવશે. ગાંધીનગરની શાહપુર પ્રાથમિક શાળામાંથી પ્રોજેકટનુ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ કરાશે. પ્રોજેકટ અંતર્ગત રાજયની ૧૬૦૯ પ્રાથમિક શાળાઓમાં ધોરણ -૭ અને ૮ના ૩૧૭૩ વર્ગખંડોમાં લેપટોપ, કેમેરા સ્માર્ટ બોર્ડ સ્પીકર તેમજ વાઈફાઈ રાઉટરની સુવિધા ઉભી કરવામા આવશે. જ્ઞાનકુંજ પ્રોજેકટ હેઠળ ટેકનોલોજીના માધ્યમથી અભ્યાસક્રમની સરળ રીતે સમજુતી આપવામાં આવશે.

# જિલ્લાના પાંચ શિક્ષકોને આજે એવોર્ડ અપાશે

## જિલ્લાકક્ષાના એવોર્ડ માટે કલોલના ત્રણ અને તાલુકા કક્ષાના એવોર્ડ માટે ગાંધીનગરના બે શિક્ષકોની પસંદગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના પાંચ શિક્ષકોને આજે જિલ્લાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એનાયત કરવામાં આવશે. જિલ્લા શિક્ષણ સમિતિની રચાયેલ ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા આ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કલોલની વખારિયા હાઈસ્કૂલના મયુરભાઈ એમ. રાવલની પસંદગી કરવામાં આવી છે. જ્યારે પ્રાથમિક શિક્ષણમાં જિલ્લા કક્ષાએ કલોલ પ્રા. શાળા નં. ૪ના ગિરીશભાઈ પ્રજાપતિ અને બિલેશ્વરપુરાના શ્રીમતિ મિત્તલબેન એસ. પંડ્યાની પસંદગી કરવામાં આવી છે.

તાલુકાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચાંદખેડાની બગલાવાડી પ્રા. શાળાના પરેશભાઈ જી. સુતરિયા અને વાસણ પ્રા. શાળાના શિલ્પાબેન ઉપાધ્યાયની પસંદગી કરવામાં આવી છે.

પસંદગી પામેલ આ શિક્ષકોને પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને શાલ આપી અભિવાદન કરવામાં આવશે. અત્યંત સાદા છતાં દબદબાભર્યા વાતાવરણમાં આ એવોર્ડ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે એનાયત થશે. આ પ્રસંગે શિક્ષણતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લાના શિક્ષકો પણ મોટી સંખ્યામાં હાજર રહેશે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT





તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



નોલેજ ઓન વ્હીલ્સ!
હવે તમારા શહેરમાં આવી રહી છે
એક્ઝિબિટ્સ અને ડિસ્પ્લેઝથી ભરપૂર ૧૩ ડબ્બા સાથેની ટ્રેનમાં અત્યંત ઊંડાણભર્યું અને રસપ્રદ પ્રદર્શન. તમારા પરિવાર અને મિત્રોને પણ લાવો.

| અનુ ક્રમ | સ્ટેશનનાં નામ | પ્રદર્શન સમયગાળો પ્રારંભ | પ્રદર્શન સમયગાળો સમાપ્તિ | દિવસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ખોડિયાર | ૦૫/૦૯/૨૦૧૭ | ૦૮/૦૯/૨૦૧૭ | ૪ |
| સમયઃ સવારે ૧૦.૦૦ થી સાંજે ૧૭.૦૦ કલાક | | | | |

સાયન્સ એક્સપ્રેસ
ક્લાઈમેટ એક્શન
સ્પેશિયલ ટ્રેન






પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમે સ્થળો અને દિલો ને પાસે લાવીયે છીએ...
અમને લાઈક કરો: facebook.com/WesternRly Follow us on: twitter.com/WesternRly



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com